	Command & Control Room **Office Of the Commissioner of Police,** **Shahibaug, Ahmedabad City.**	

PRESS NOTE

અમદાવાદ શહેર પોલીસ દ્વારા તા.૦૭/૦૮/૨૦૨૬ ના રોજ કોમ્બીંગ નાઇટ રાઉન્ડ દરમ્યાન કરેલ કામગીરીની વિગત

આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી ૦૫/૦૦ દરમ્યાન મહે.પોલીસ કમિશ્નરશ્રીનાઓની સુચનાથી અમદાવાદ શહેર વિસ્તારમાં જુદા-જુદા ૫૯ સ્થળે કોમ્બીંગ નાઇટ રાઉન્ડ દરમ્યાન વાહન ચેકિંગ કરવામાં આવેલ તેમજ કાયમ અને એસ.ઓ.જી. દ્વારા કોમ્બીંગ હાથ ધરવામાં આવેલ હતુ. જે કોમ્બીંગ નાઇટ રાઉન્ડની કામગીરી દરમ્યાન અનુક્રમે....

(૧) કુલ ૪૭૧૨ વાહનો ચેક કરવામાં આવ્યા.

(૨) એમ.વી.એક્ટ કલમ ૨૦૭ મુજબ જરૂરી દસ્તાવેજો વગર વાહન ચલાવતા તેમજ ઇન્સ્યોરન્સ વિના વાહન ચલાવતા કુલ ૬૬ વાહન ડીટેઇન કર્યા

(૩) કુલ ૮૨ વાહનો ઉપર ગેરકાયદેસર લાગેલ બ્લેક ફિલ્મ દુર કરવામાં આવી

(૪) એમ.વી.એક્ટ ૧૮૫ મુજબ નશો કરીને વાહન ચલાવતા કુલ ૨૪ વાહન ચાલકો ઉપર કેસ કરવામાં આવ્યા

(૫) બીએનએસ કલમ ૨૮૧, ૨૮૫ મુજબ, બેદરકારી અને જોખમી રીતે વાહન ચલાવતા અને રસ્તામાં અડચણ ઉભી કરતા કુલ- ૦૩ વાહન ચાલકો વિરૂધ્ધ કેસ કર્યા

(૬) જી.પી.એક્ટ ૧૩૫ મુજબ જાહેરનામાનો ભંગ બદલ કુલ-૧૩ કેસ કરવામાં આવ્યા.

(૭) જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ હથિયારબંધીના જાહેરનામા ભંગના કુલ- ૧૬ કેસ કરવામાં આવેલ.

(૮) પ્રોહીબીશનના કબજાના કુલ ૦૭ કેસો કરી વિદેશી દારૂની કુલ ૨૭ બોટલો કિંમત રૂપિયા ૬૫૧૧/- મતાની કબ્જે કરી તે કેસોમાં અન્ય કબ્જે લીધેલ મુદ્દામાલ કુલ કિંમત ૬,૬૬,૫૧૧/- મતાનો છે અને ૧૯ લીટર દેશી દારૂની કિંમત રૂપિયા ૩૮૦૦/- સાથે અન્ય મુદ્દામાલ કિંમત રૂપિયા ૨૮૦૫/- મતાનો કબ્જે કરવામાં આવેલ તદ્દુપરાંત દારૂ પિધેલા ઇસમોને પકડી કુલ ૨૧ કેસ કરવામાં આવેલ છે

(૯) એન.ડી.પી.એસ. એકટ મુજબ નશીલા પદાર્થોની હેરફેર કરવાના કુલ ૦૨ કેસ કરેલ છે જેમાં
(૧) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકીંગ દરમ્યાન ફોર વ્હીલ ગાડીમાંથી પ્રતિબંધિત કફશીરપ બોટલો નંગ- ૩૫૯ કિંમત રૂપિયા ૬૩,૫૪૩/- ના મુદ્દામાલ સાથે કુલ ૦૩ આરોપીઓને અટક કરેલ છે.
(૨) કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીંગ નાઇટ રાઉન્ડ દરમ્યાન ટુ વ્હીલરમાંથી ૧૧૫ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૫૦૭૫/- સાથે આરોપીને અટક કરેલ છે.

(૧૦) જી.પી.એક્ટ ૧૪૨ મુજબ તડીપાર કરેલ ઇસમો વિરૂધ્ધ કુલ ૦૨ કેસ કરેલ છે

(૧૧) અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારમાં રહેતા અને અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૧૯૯ હિસ્ટ્રીશીટર અને એમ.સી.આર. ઇસમોને ચેક કરવામાં આવ્યા હતા.

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના નેતૃત્વમાં એડી.સીપી.-૦૩, જેસીપી-૦૩, ડીસીપી-૧૫, એસીપી-૨૩, પીઆઇ-૮૦ અધિકારીશ્રીઓ અને કુલ ૨૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ કોમ્બીંગ નાઇટમાં જોડાયેલ હતા.


GUJARAT POLICE
GUJARAT POLICE


SANDWICH - PIZZA


STOP




GJ27X6776












Murli Manoh
Trading


CRUSH COFFEE
A COMPANY OUTLET
HOUSE